આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને
તાલીમ ઉત્પાદન કેન્દ્રોમાં તાલીમ આપવા
અંગેની યોજના...

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: બકર-૧૧૭૮-કક/૭૯/છ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૨૦મી જાન્યુ.'૭૯.

વંચાણમાં લીધા:-

(૧) મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા.૧-૪-૭૮ નો ઠરાવ ક:બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-છ.

(૨) સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૪-૧૧-૭૮ ની પત્ર ક્રમાંક: સકખ-તલમ-૩૮-૫૮૧.

ઠ રા વ
-:-:-:-:-

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને તથા આર્થિક રીતે પછાત વર્ગોને વિવિધ રાહતી / લાભો આપવા અંગેના હુકમો મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૭૮ના ઠરાવ ક્રમાંક:બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-છ, અન્વયે કરવામાં આવ્યા છે. તે મુજબ, આર્થિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને સમાજ કલ્યાણ ખાતા હસ્તકના તાલીમ ઉત્પાદન કેન્દ્રોમાં જુદા જુદા ધંધાઓની, જેવા કે વેલ્ડીંગ, લુહારી કામ, સુથારી કામ, મોટર મીકેનીક વગેરેની તાલીમ મેળવવા માટે વૃત્તિકા /સ્ટાઇપેન્ડ/ આપવામાં આવશે. આથી આ ઠરાવ સાથેના જોડાણમાં જણાવ્યા મુજબ, આર્થિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને તાલીમ ઉત્પાદન કેન્દ્રોમાં તાલીમ મેળવવા માટે, વૃત્તિકા આપવા માટે રૂ.૪૨,૦૦૦ (અંકે રુપિયા બેતાલીસ હજાર પુરા)ના ખર્ચની યોજનાને મંજૂરી આપવામાં આવે છે.

૨. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીઓ / રાજ્ય / મારફત થશે. ૧૯૭૮-૭૯ના વર્ષ દરમ્યાન આ યોજનાનો અમલ કરવા માટે જરૂરી પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે લેવા.

૩. ઉપરોક્ત ખર્ચ નાણાં વિભાગે તેની તા.૧૫-૧૨-૭૮ ની યાદી ક્રમાંક: સીએનએફ-૧૧૭૮-૧૮૭-છ, અન્વયે આકસ્મિક નિધિમાંથી મંજૂર કરેલ રૂ.૧,૦૦,૦૦૦ ની પેશગીમાંથી મેળવવાના રહેશે. જરૂર જણાય તો, આ અંગે કરેલી કુલ જોગવાઈમાંથી પુનર્વિનિયોગ દ્વારા મેળવવાની રહેશે અને તેને અંદાજપત્રના સદર "૨૮૮-સામાજિક સુરક્ષા અને કલ્યાણ-ગ-અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને બીજા

પછાતવર્ગોનું કલ્યાણ /ખ/ બીજા પછાતવર્ગોનું કલ્યાણ-આર્થિક રીતે પછાતવર્ગોના આર્થિક ઉત્કર્ષ માટે યોજના '' બાબે ઉધારવો.

૪. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણાકીય સલાહકારશ્રીની તા.૨૮-૧૨-૭૮ ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સૂ.ભૂ.બક્ષી,
સેકશન અધિકારી,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

x રાજ્યપાલશ્રીના સચિવશ્રી,
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,
મંત્રીશ્રી (સમાજ કલ્યાણ)ના અંગત સચિવશ્રી, (વધારાની ૫ નકલો સાથે)
સંસદીય સચિવશ્રી, (સમાજ કલ્યાણ)ના અંગત મદદનીશશ્રી,
સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, (વધારાની ૧૫ નકલો સાથે)
સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, સેકટર-૧૭,પાટનગર યોજના ભવન, ગાંધીનગર, (વધારાની ૫૦ નકલો સાથે)
x વિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ, ૮,પોલ અધિકારીઓની કોલોની, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
તમામ જિલ્લા પંચાયતો,
બધા સમાજ કલ્યાણ અધિકારીઓ, (રાજ્ય)
બધા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીઓ, (રાજ્ય)
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ /રાજકોટ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
નિયામકશ્રી, માહિતી વિભાગ, ગાંધીનગર, જરૂરી પ્રસિદ્ધિ માટે,
પગાર અને હિસાબ અધિકારીશ્રી, અમદાવાદ,
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ,
નાણાં શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
જ-શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
બ-શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
સીલેકટ ફાઈલ.
x પત્ર દ્વારા.

મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૦-૧-૭૯ ના
ઠરાવ ક્રમાંક: બકર-૧૧૭૮-૬૬/૭૯-ક, સાથેનું જોડાણ.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

આર્થિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને તાલીમ ઉત્પાદન કેન્દ્રોમાં તાલીમ
આપવા અંગેની યોજના.

-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

આર્થિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને, સમાજ કલ્યાણ ખાતા હસ્તકના તાલીમ ઉત્પાદન કેન્દ્રોમાં જુદા જુદા ધંધાઓની, જેવા કે વેલ્ડીંગ, લુહારી કામ, સુથારી કામ, મોટર મીકેનીક-વગેરેની તાલીમ મેળવવા માટે, દરેક તાલીમાર્થીને માસિક રૂ.૬૫/ ની (અંકે રૂપિયા પાંસઠ પૂરાની) વૃત્તિકા (સ્ટાઇપેન્ડ) આપવામાં આવશે.

ખર્ચનો અંદાજ ૧૯૭૮-૭૯

---------------

આર્થિક રીતે પછાતવર્ગના
ઉમેદવારોની સંખ્યા અંદાજે.

| ઉમેદવારો | | વૃત્તિકા | | માસ માટે | | અંદાજે ખર્ચ રૂપિયા |
|---|---|---|---|---|---|---|
| ૨૧૫ | X | ૬૫ | X | ૩ | - રૂ.૪૧,૯૨૫/એટલે કે | ૪૨,૦૦૦ |
| | | | | | અંદાજે કુલ ખર્ચ | ૪૨,૦૦૦/- |